# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**જાહેરખબર ક્રમાંક : 07/2024-25**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કસ એન્ડ ગાર્ડન ખાતે પ્રિન્સીપલ ડાયરેક્ટર જનરલ (પાર્કસ એન્ડ ગાર્ડન)ની જગ્યા ૦૬ માસના કરાર આધારે તદ્દન હંગામી ધોરણે ભરવા**

**મહાનગર પાલિકા અથવા સરકારશ્રીના વન વિભાગ, કૃષિ વિભાગ અથવા બાગ બગીચા વગેરે જેવા વિભાગોમાં ચીફ કન્ઝર્વર ઓફ ફોરેસ્ટ / જોઇન્ટ ડાયરકેકટ(એગ્રી.) / જોઇન્ટ ડાયરેક્ટર (હોર્ટીકલચર) તેની સમકક્ષ જગ્યાની કામગીરીનો અનુભવ ધરાવતા હોય તેવા નિવૃત્ત અધિકારીશ્રીઓ જ અરજી કરી શકશે.**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કસ એન્ડ ગાર્ડન ખાતે નીચે જણાવેલ જગ્યા ૬ માસના કરાર આધારે તદ્દન હંગામી ધોરણે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા વોક ઇન ઇન્ટરવ્યુ ગોઠવવાના થાય છે. મહાનગર પાલિકા અથવા સરકારશ્રીના વન વિભાગ, કૃષિ વિભાગ અથવા બાગ બગીચા વગેરે જેવા વિભાગોમાં ચીફ કન્ઝર્વર ઓફ ફોરેસ્ટ / જોઇન્ટ ડાયરકેકટ(એગ્રી.) / જોઇન્ટ ડાયરેક્ટર (હોર્ટીકલચર) અથવા તેની સમકક્ષ જગ્યાની કામગીરીનો અનુભવ ધરાવતા હોય તેવા નિવૃત્ત અધિકારીશ્રીઓ ઉમેદવાર તરીકે પોતાના શૈક્ષણિક લાયકાત / અનુભવના અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તેમના નામ, સરનામું, ઉંમર, શૈક્ષણિક લાયકાત / અનુભવની વિગત આ સાથે સામેલ નિયત ફોર્મેટમાં સ્વઅક્ષરે ભરી વોક ઇન ઇન્ટરવ્યુની તારીખે નીચે જણાવેલ સ્થળે અને સરનામે હાજર રહેવાનું રહેશે.

| જા * ખ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | શૈક્ષણિક લાયકાત | ઉચ્ચક માસિક વેતન | રજીસ્ટ્રેશન તારીખ અને સમય | ઈન્ટરવ્યુ તારીખ |
|---|---|---|---|---|---|---|
| 07 | પ્રિન્સીપલ ડાયરેક્ટર જનરલ (પાર્કસ એન્ડ ગાર્ડન) | 01 | મહાનગર પાલિકા અથવા સરકારશ્રીના વન વિભાગ, કૃષિ વિભાગ અથવા બાગ બગીચા વગેરે જેવા વિભાગોમાં ચીફ કન્ઝર્વર ઓફ ફોરેસ્ટ / જોઇન્ટ ડાયરકેકટ(એગ્રી.) / જોઇન્ટ ડાયરેક્ટર (હોર્ટીકલચર) અથવા તેની સમકક્ષ જગ્યાની કામગીરીનો અનુભવ ધરાવતા હોય તેવા નિવૃત્ત અધિકારીશ્રીઓએ જ અરજી કરી શકશે | રૂ. ૧,૦૦,૦૦૦ /- ફીક્સ અથવા પે-પેન્શન બંને માંથી જે ઓછુ હોય તે | તા.19/07/24 સવારે 10.00 થી 12.00 કલાક સુધી | તા.19/07/24 બપોરે 1.00 કલાકથી |

**-: ઉપરોક્ત જગ્યા માટે અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-**

૧. ઉમેદવારે અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના

રહેશે. ચકાસણી દરમ્યાન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.

૨. ઉકત જગ્યા નિવૃત અધિકારીઓથી ભરવાની હોઇ, પસંદગીમાં વયમર્યાદા રાખવામાં આવશે નહી. પરંતુ ઉકત જગ્યાનો કાર્યભાર સંભાળી શકે તેવી શારીરિક સશક્તા હોઇ જોઇશે.

૩. લાયકાત અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૪. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૫. ઉમેદવારે અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૬. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે.

૭. **ઉમેદવારોએ ઇન્ટરવ્યુ / અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે સ્વખર્ચે આવવાનું રહેશે.**

૮. પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ / મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૯. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૦. ઉમેદવારે અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૧૧. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૨. પસંદગી પામેલ ઉમેદવારે 03 દિવસમાં ફરજ ઉપર હાજર થવાનું રહેશે. જે ઉમેદવાર નિયત સમય મર્યાદામાં ફરજ પર હાજર થશે નહીં તો પસંદગીનો હુકમ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

૧૩. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૧૪. રજીસ્ટ્રેશન તા. 19-07-2024 ના 12.00 કલાક પછી કોઇપણ સંજોગોમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી.

| | |
|---|---|
| **રજીસ્ટ્રેશન તારીખ** | તા.19/07/2024 |
| **રજીસ્ટ્રેશન સમય** | સવારે 10.00 થી 12.00 **કલાક સુધી** |
| **રજીસ્ટ્રેશનનું સ્થળ:** | રીવરફ્રન્ટ હાઉસ, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ. |
| **ઇન્ટરવ્યુની તારીખ** | તા.19/07/2024 બપોરે 1.00 કલાકથે |
| **ઇન્ટરવ્યુનું સ્થળ:** | રીવરફ્રન્ટ હાઉસ, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ. |

**સહી/-**

**મ્યુનિસિપલ કમિશનર**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

મહાનગર સેવા સદન

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ, ઇન્ટરવ્યુ વિભાગ**

**જાહેરખબર ક્રમાંક : ૦૭/૨૦૨૪-૨૫**

**જગ્યાનુ નામ: પ્રિન્સીપલ  ડાયરેક્ટર જનરલ (પાર્કસ એન્ડ ગાર્ડન)+**

ઉમેદવારનો તાજેતરનો ફોટોગ્રાફ અહીં લગાવવો.

ઉમેદવારનું નામ : ..............................................................એમ્પ્લોઇ નં....................

સરનામું : ..................................................................................................

..................................................................................................

મોબાઇલ નંબર : ........................................... જન્મતારીખ : ....................................

જાતિ : (બિનઅનામત,, આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ) .................

શૈક્ષણિક લાયકાત :

| ડીગ્રી | સ્પેશ્યલાઇઝેશન | યુનિ. | વર્ષ | વર્ગ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

અનુભવ :

| અનુ. | અ.મ્ય.કો. સિવાયનો / અ.મ્યુ.કો.માં જે હોદ્દા પર નોકરી કરી હોય તેની વિગત | | | નોકરીનો કુલ સમયગાળો વર્ષ / માસ |
|---|---|---|---|---|
| | સંસ્થાઅને વિભાગનું નામ | હોદ્દો | કઈ તારીખથી કઈ તારીખ સુધી | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| કુલ | | | | |

**તારીખ :** .......................................  **ઉમેદવારની સહી**

**બિડાણ :**

૧......................................................................... ૨.........................................................................

૩......................................................................... ૪.........................................................................

૫......................................................................... ૬.........................................................................

૭......................................................................... ૮.........................................................................

નોંધ :

- બિડાણમાં દર્શાવેલ દરેક પુરાવાની નકલ સ્વપ્રમાણિત (Self-Attested) કરવાના રહેશે.
- છેલ્લા માસની પગાર સ્લીપની નકલ ફરજીયાત સામેલ કરવાની રહેશે.